ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
કવટ શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

# અધ્યાપક સહાયક – 2023 ની ભરતીમાં મોક રાઉન્ડ અંગે
## ઉમેદવારો માટે અગત્યની સૂચના

૧. કોલેજોની પસંદગી માટેનો આ માત્ર મોક રાઉન્ડ છે.
This is just a mock round for college selection.

૨. મોક રાઉન્ડ તેમજ આખરી કોલેજ પસંદગીના રાઉન્ડમાં જાહેરાતમાં દર્શાવેલ કટ-ઓફ મેરિટ યાદીમાં આવતા હોય તેવા ઉમેદવારો જ કોલેજોની પસંદગીમાં ભાગ લઈ શકશે.
Only candidates who fall in the cut-off merit, as mentioned in the advertisement, for the mock round as well as for the final college selection round will be able to participate for selection of colleges.

૩. ઉમેદવાર પોતે પસંદ કરેલી કોલેજોની યાદી મુજબની કોલેજોમાં જો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ, તા. ૨૩-૧૨-૨૦૧૯માં દર્શાવેલ સૂચના નંબર-૪ મુજબ મેરીટમાં આવતા હશે તો જ ઈન્ટરવ્યુ કોલ લેટર જનરેટ થઈ શકશે.
Interview call letter can be generated only of those candidates who are eligible as per the instruction number-4 of Government Resolution of Education Department dated 23/12/2019 No. NGC/1019/ CHE-768/Kh.

૪. મોક રાઉન્ડમાં કોલેજની પસંદગીની તક મળી તેનો અર્થ એ નથી કે ઉમેદવાર ઈન્ટરવ્યુ આપવા માટે લાયક છે અને તેને ઈન્ટરવ્યુ આપવાની તક મળશે જ.
Having the opportunity to select a college in the mock round does not mean that the candidate is eligible for the interview and will get the opportunity to be interviewed.

૫. મોક રાઉન્ડ દરમ્યાન ઉમેદવારે પોતે જે કોલેજમાં ઈન્ટરવ્યુ આપવા ઈચ્છતા હોય તે કોલેજોની પસંદગી પોતાના લોગ ઈનમાં જઈને કરવાની રહેશે. ઉમેદવાર જે કોલેજોમાં ઈન્ટરવ્યુ આપવા ન માગતા હોય તેવી કોલેજોનો સમાવેશ કોલેજ પસંદગી યાદીમાં કરવો નહીં.
During the mock round, the candidate will have to select the college in which he / she wants to be interviewed by logging in on the www.rascheguj.com. Colleges in which candidate does not wish to appear for interview, such colleges should not be included in the college selection list.

૬. મોક રાઉન્ડ દરમ્યાન ઉમેદવારને પોતાના લોગ ઈન આઈ. ડી.માં ઇન્ટરવ્યુ માટે કોલેજો પસંદગી માટેની નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે. (Image-1)

The following screen for college selection for interview will be seen in the logged-in area of the candidate. (Image-1)




Image – 1

૭. કમ્પ્યૂટર સ્ક્રીન પર ઉમેદવારને લાગુ પડતી કેટેગરીની ખાલી જગ્યા મુજબ ટેબ દેખાશે. ટેબ માં ડાબી બાજુએ આવેલા College Selectionના ખાના પર ક્લિક કરવાથી કોલેજનું લિસ્ટ ખુલશે. લાગુ પડતી દરેક કેટેગરીની જગ્યા મુજબના બધા જ ખાના પર ક્લિક કરી અને દરેક કેટેગરી પ્રમાણે જગ્યા દીઠ કોલેજની પસંદગી કરવાની રહેશે તેની ખાસ નોંધ લેવી. (Image-2) જે તે વિષય- કેટેગરીમાં જો એકપણ જગ્યા નહીં હોય તો કોલેજ પસંદગી માટેનું ટેબ દેખાશે નહીં. કોઈપણ અનામત કેટેગરીના ઉમેદવારે પોતાની કેટગરી તેમજ ઓપન કેટેગરીની તેમના વિષયની કોલેજ પસંદ કરવાની રહેશે. જો ઉમેદવાર કોઈ કારણસર કોઈ કેટેગરી માં ચોઈસ ફીલિંગ કરવા ન માંગતા હોય તો જે તે કેટેગરી માં જઈ કોલેજ લિસ્ટ ની નીચે આવેલું "Not interested in choice filling for this category vacancy" બટન દબાવવાનું રહેશે.

Tabs relevant to candidate's category based on available vacancies will be shown on computer screen. College list will open by clicking College Selection boxes on the left side of the tab. Candidate will have to select colleges from each of the tab displayed. (Image-2) If there will be no Vacancy available in subject-category, candidate will not see any Tab for college selection. Any candidate from reserve category has to select colleges of his subject from open category as well as from their category also. If for some reason a candidate does not wish to do choice filling for any category, he/she will have to click "Not interested in choice filling for this category vacancy" button for respective category at the bottom of college list.

પુરુષ ઉમેદવાર ફક્ત તેમની પોતાની કેટેગરીની જનરલ જગ્યા પર અરજી કરી શકશે, જ્યારે મહિલા ઉમેદવારે તેની પોતાની જનરલ કેટેગરી તથા ફિમેલ કેટેગરીની જગ્યા માટે પણ કોલેજ પસંદગી કરવાની રહેશે. અનામત કેટેગરીના મહિલા ઉમેદવારે ઓપનની જનરલ અને ફીમેલ તથા તેમની પોતાની કેટેગરીની જનરલ અને ફીમેલ કેટેગરીની જગ્યા માટે કોલેજ પસંદગી કરવાની રહેશે.

A male candidate can apply only for their own category general seat, while a female candidate has to select a college for her own general category and female category seat as well. Female candidate of reserved category has to

select college for general and female category of open as well as from general and female category of their own reserved category.




Image - 2

૮. આ કોલેજોની યાદીમાંથી ઉમેદવાર પોતાની પસંદગીક્રમ મુજબની કોલેજને arrow પર ક્લિક કરી જમણી બાજુના Selected College List માં ટ્રાન્સ્ફર કરી શકશે. આમ કરવાથી ઉમેદવારના પસંદગી ક્રમ મુજબ કોલેજનું નામ Selected College Listમાં આવી જશે. અહીં ઉમેદવાર પોતે જે કોલેજમાં ઇન્ટરવ્યુ આપવા ઈચ્છતા હોય તે કોલેજો પસંદગી ક્રમ મુજબ સિલેક્ટ કરવી. (Image-3 & 4)

From the list of these colleges, the candidate can transfer the college of his choice to the Selected College List on the right by clicking on the arrow. Doing so will bring the name of the selected college as per candidate's choice in the Selected College List. Candidate should select the colleges as per their choice in which he/she wants to appear for an interview. (Image-3 & 4)




Image - 3




Image – 4

૯. ઉમેદવારના મેરીટ અને પસંદગી ક્રમ અનુસાર કોલેજની સમાલાપની પ્રક્રિયામાં ઉમેદવારે ભાગ લેવો ફરજિયાત છે. ઉમેદવારે જે કોલેજને પસંદગીક્રમ આપેલ હોય અને ઉમેદવારના પસંદગી ક્રમ મુજબની કોલેજમાં સમાલાપની પ્રક્રિયામાં ગંભીર મેડીકલ કારણ સિવાય ગેરહાજર રહેનાર ઉમેદવાર ત્યારબાદની પસંદગી ક્રમની કોલેજમાં ભાગ લઈ શકશે નહીં પરંતુ આ ઉમેદવાર બીજા રાઉન્ડમાં જો જગ્યા ખાલી રહેલ હશે તો પ્રથમ રાઉન્ડમાં ઉમેદવારે પસંદગીક્રમ આપેલ હોવા છતાં ગેરહાજર રહેલ કોલેજ સિવાયની ખાલી રહેલ કોલેજોમાં ભાગ લઈ શકશે

It is compulsory for candidate to participate in the interview process as per their merit and college preference. Candidate who has given preference rank to the college and remains absent in the interview process of that college (except it case of a serious medical emergency), will not be able to participate in the subsequent preference rank college but if the seat is vacant in the second round, such candidate can participate in the vacant colleges other than the college for which candidate had given preference list yet candidate was absent in the first round.

૧૦. જો ઉમેદવાર Selected College Listમાં કંઈ ફેરફાર કરવા માંગતા હોય, તો તે લિસ્ટની ઉપર આપેલ Reset Selected College List બટન પર ક્લિક કરવું. આમ કરવાથી પસંદ કરેલ તમામ કોલેજના નામ College Listમાં પાછા જતાં રહેશે.

If the candidate wants to make any change in the Selected College List, click on the Reset Selected College List button. Doing so will send all the selected college names back in the College List.




Image-5

૧૧. <u>કોલેજની પસંદગી કરી લીધા બાદ "SUBMIT" પર ક્લિક કરવાથી રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર એક OTP આવશે તે દાખલ કરી submit પર ક્લિક કરવાથી (Image-5) એક Important મેસેજ આવશે, જેમાં "Yes, Save it!" (Image-6) પર ક્લિક કરવાથી ઉમેદવારે પોતે જે કોલેજોની પસંદગી કરેલ છે તે મુજબની પસંદગી SAVE થઈ જશે(Image-7). SAVE કર્યા બાદ કોઈપણ સંજોગોમાં તેમાં સુધારો કરી શકાશે નહીં. આથી કોલેજોની પસંદગી SUBMIT કરતા પહેલા એક વાર તેની પુનઃ ચકાસણી કરી લેવી.</u>

<u>After selecting the college, clicking on "SUBMIT", candidate will get an OTP on their registered mobile number and after entering the OTP window will send pop up alert (Image-5), in which clicking on "Yes, Save it!" (Image-6) will SAVE the selection. Under no circumstances it can be edited after clicking on SAVE button (Image-7). Therefore, the selection of colleges should be re-verified once before clicking on final SUBMIT.</u>




Image – 6



Image – 7

૧૨. ઉમેદવાર પોતાની કેટેગરી પ્રમાણે કોલેજોની પસંદગી SAVE કરશે એટલે જે તે કેટેગરીમાં TAB નો કલર GREEN થઈ જશે અને LOCKનું સિમ્બોલ આવી જશે (Image – 9). ત્યારબાદ તેમાં કોઈપણ સંજોગોમાં સુધારો કરી શકાશે નહીં તેની નોંધ લેવી. ચોઈસ ફીલિંગ ની પ્રક્રિયા પૂર્ણ કરવા ઉમેદવારને દેખાતા તમામ ચોઈસ ફીલિંગ વિકલ્પોમાં જઈ દરેકને લૉક કરવું જરૂરી છે. ઉમેદવાર દ્વારા SAVE કરેલ કોલેજ લિસ્ટ ની પ્રિન્ટ બાજુમાં દર્શાવેલ PRINTER ના સિમ્બોલ પર ક્લિક કરવાથી મેળવી શકશે.

As soon as the candidate will SAVE the selection of colleges as per available category option, the symbol of LOCK will appear, and TAB Color will change to GREEN in that category (Image-9). It should be noted that choices cannot be changed under any circumstances. It is necessary to go in all the choice filling options visible to candidate and lock each one to complete choice filling process. Click on the printer symbol shown next to the print of the college list SAVED by the candidate for taking print-out.




Image – 9

૧૩. જો ઉમેદવાર કોલેજ પસંદગીના ફાઇનલ રાઉન્ડમાં ભાગ ના લઈ કોલેજને પસંદગીક્રમ આપેલ ના હોય તો તેવા કિસ્સામાં ઉમેદવારે મોક રાઉન્ડની પસંદગી આખરી ગણાશે તેની નોંધ લેવી. આ ઉપરાંત જો ઉમેદવાર મોક રાઉન્ડ અને ફાઇનલ રાઉન્ડ એમ બંને તબક્કા માં ભાગ ના લે તેવા કિસ્સામાં ઉમેદવાર સમાલાપની પ્રક્રિયા માં જોડાવા ઇચ્છતા નથી એમ ગણાશે.

If the candidate has not participated in the final round of college selection and has not given preference to the college, then the candidate's choice of mock round will be considered as final. Apart from this, if the candidate does not participate in both the mock round and final round, then that will be considered as Candidate’s unwillingness to participate in the interview process.

***********